ગરબો

ગરબો, માતા અંબા અને બહુચરાજીનો ગરબો, ગુજરાતનો ગુજરાતી ગરબો.....એ ગુજરાતનાં લોકનૃત્યમાંનો એક ઉત્સવ છે. આસો માસની શુક્લ પક્ષની એકમ તિથિથી લઈને દશમ સુધી આ ગરબો લેવાય છે, રમાય છે અને ખેલાય છે. રંગીલા ગરબાની, રંગબેરંગી ગરબાની, તારલિયાઓથી મઢેલ આ રાત્રિઓને નવરાત્રિ તરીકે ઓળખવામાં આવે છે.

ગરબાની ભાવનાનું પ્રાકટ્ય

જ્યારે ધરતી સૃષ્ટિના સંચાલન હેતુ વર્ષાઋતુ પાસેથી જળરૂપી અમૃત લઈને આનંદિત થઈ જાય છે ત્યારે ધરતી પ્રકૃતિનો આભાર માનતા નાચી ઊઠે છે, આ સમયે મનુષ્યો પણ આ સુહાવની ઋતુને આનંદિત કરવા કૃતજ્ઞતાપૂર્વક સૃષ્ટિ સાથે એકાકાર થઈ જવા માટે પોતાની ઊર્મિઓને રજૂ કરે છે પરંતુ ભાષા અને શબ્દો કોઈ નિશ્ચિત સીમા સુધી જ ભાવોને વ્યક્ત કરવા સમર્થ હોય છે તેથી વધતાં ભાવોની ઊર્મિઓને મનુષ્ય કોઈને કોઈ પ્રતિક્રિયા દ્વારા વ્યક્ત કરે છે. આવા જ એક ભાવોની ઊર્મિઓની ક્રિયાઓ રૂપે નૃત્યનો જન્મ થાય છે જેમાં લોકો નાચે છે, નચાવે છે અને આનંદિત બનીને ઝૂમી ઊઠે છે ત્યારે તેમની આ ઊર્મિઓમાં નાદ અને નર્તન બન્ને એક સ્વરૂપ લઈને સમાઇ જાય છે. આવા જ એક નાદ અને નર્તનનાં પ્રકારમાં ગરબા પણ સમાયેલ છે. બીજા મત અનુસાર ભય અને અસુરક્ષાની ભાવનામાંથી બહાર નીકળવા આદિમાનવ ધર્મ તરફ વળ્યો ત્યારે એણે બલિદાન, પૂજન, નાદ અને નર્તન રૂપે જ પોતાનાં ભાવને વ્યક્ત કર્યો છે. આ રીતે જોતાં ગરબાને સર્વાંશે ધર્મનું પ્રતીક માની શકાય છે પરંતુ ગરબાની સાથે સાથે શક્તિનું માહાત્મ્ય તેમજ તેમનું પૂજન અને અર્ચન પણ જોડાયેલ હોવાથી તેને શક્તિનાં પણ વિવિધ સ્વરૂપો સાથે જોડવામાં આવ્યો છે.

ગરબો શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ ગર્ભદીપ પરથી આવેલ છે પરંતુ 'ગરબો' એ શબ્દની સંપૂર્ણ વ્યુત્પત્તિ માટે આપણા વિદ્વાનો હજુ સુધી એકમત નથી તેથી દીપગર્ભ, ઘટ, ગર્ભો, ગરભો વગેરે શબ્દોનું અપભ્રંશ થતાં થતાં ગરબો એ શબ્દનું અસ્તિત્વ આવ્યું હશે તેમ માની શકાય છે. યુગોથી ચાલી આવતી આ ગરબા પ્રણાલિકાનાં મુખ્ય બે પ્રકાર છે. એક પ્રકાર સ્થૂળ રૂપે રહેલ છે અને બીજો પ્રકાર વાણી રૂપે પ્રગટ થાય છે. ગરબાનાં પ્રથમ સ્થૂળ સ્વરૂપમાં માટીનો કે ધાતુનો ગરબો આવે છે અને બીજા પ્રકારમાં તાળીઓ પાડતાં દીવા કે માંડવીની આસપાસ ફરતાં ગાવું અર્થાત વાણી સ્વરૂપે પ્રગટ થાય છે તે ગરબો. ગ્રામ્યભાષામાં 'મોરિયો" તરીકે ઓળખાતાં આ ગરબાનું નવરાત્રિનાં દિવસમાં અનેરું મહત્ત્વ હોય છે. માટીની, કે ધાતુની બનાવેલી છિદ્રોવાળી માટલીની અંદર રહેલા ગર્ભને ગરબો કહે છે. આ છિદ્રોમાંથી ગર્ભમાં રહેલ દીપ પોતાનાં તેજોમય પ્રકાશ પાથરે છે. માટીના ગરબાનો અર્થ કાઢતાં આપણાં શાસ્ત્રો કહે છે કે માટી એ પૃથ્વી તત્વનો ભાગ છે તેમ આપણું શરીર પણ પૃથ્વી તત્વનો એક ભાગ છે. ગરબાનો દીપ તે

આપણાં આત્માનું સ્વરૂપ છે. આ આત્મા રૂપી દીપમાંથી તેજોમય કિરણો બહાર પ્રસરીને જગતને આનંદ રૂપી પ્રકાશ આપે છે.

ગરબો. છબી સૌજન્ય દીયા દીપક.

ગરબાનો ઇતિહાસ

"અભિનય દર્પણ" નામનાં ગ્રંથમાં જણાવેલ છે કે માતા ગૌરીએ પોતાની પુત્રી ઓખાને લાસ્ય નર્તન વિષે શીખવ્યું હતું. માતા ગૌરીનાં શાપને કારણે ઓખાએ અસુરરાજ બાણાસુરને ત્યાં તેની પુત્રી ઉષા બનીને જન્મ લીધો પરંતુ તેને તેનાં પૂર્વજન્મનાં સંસ્કારોની ભૂમિકા તેને હંમેશા યાદ રહી. મોટા થયાં બાદ ઉષાનાં વિવાહ દ્વારકામાં ભગવાન શ્રી કૃષ્ણનાં પૌત્ર સાથે થયાં ત્યારે આ નર્તન લાસ્ય ઉષાએ દ્વારિકાની સ્ત્રીઓને શીખવ્યું. દ્વારિકાથી ગરબો સુરાષ્ટ્ર અને રૈવતક દેશ ગયો (એ સમયે જે અલગ અલગ દેશ કહેવાતા તે આજે એક સૌરાષ્ટ્ર ગણાય છે. સુરાષ્ટ્ર એ આજનાં સૌરાષ્ટ્રનો અમુક ભાગ અને રૈવતક એ આજનું જૂનાગઢ)

અને રૈવતક દેશથી ગરબો આનર્ત દેશ (ગુજરાત) તરફ ગયો. આમ ઉષા દ્વારા શરૂ થયેલ ગરબાએ દ્વારિકાથી પોતાનો પ્રવાસ દૂરસુદૂર સુધી કર્યો. ઉષા દ્વારા લાવેલ આ લાલિત્ય ધરાવતાં લાવણ્યમય લાસ્યનું સમયાંતરે અપભ્રંશ થઈ જતાં રાસ્ય શબ્દ અસ્તિત્વમાં આવ્યો. આ રાસ્યનું રાસક બન્યું અને આજે એ રાસ તરીકે પ્રચલિત બન્યું. રાસ્ય અને લાસ્ય એ બન્ને શબ્દોને સ્વીકારીએ તો પણ આ બન્ને શબ્દો નર્તન સાથે જોડાયેલ છે, અને જ્યાં નર્તન છે ત્યાં નાદ પણ વિવિધ સ્વરૂપે રહેલો છે. નર્તન અને નાદનો એ સંયોગ જ્યારે ઘટમાંનાં ગર્ભદીપ સાથે જોડાયો ત્યારે એનું સ્વરૂપ ગર્ભા, ગરભા અને ગરબા તરીકે ઓળખાયો. આમ "ગરબો" એ શબ્દની સંજ્ઞાની છાયાઓ ક્રમશઃ વિસ્તાર પામતી રહી. આ કારણે જ લોક નર્તન શાસ્ત્રોમાં કહે છે કે ગરબો લેવાય છે, ખેલાય છે, ગવાય છે, ઘુમાય છે, ખરીદાય છે અને તેનું પૂજન પણ કરાય છે.

એક અન્ય માન્યતા એ પણ છે કે ગરબો એ એક લોકસંસ્કૃતિ અને લોકનૃત્યનું પ્રતીક પણ છે. એક સમય એવો હતો જ્યારે ગામડામાં રહેતા લોકો અનાજ પાકી જાય અને આનંદના દિવસો આવે ત્યારે લોકો ભેગા થઇને દેવીદેવતાની સ્તુતિ કરીને આભાર વ્યક્ત કરતા હતા. આમાંથી એક લોકસંગીતનો પ્રકાર ઊભો થયો જેને ગરબો કહેવાયો. જૂની પરંપરામાં રાસ, દાંડિયા રાસ, ગોફ, મટકી, ટીપણી, હીંચ, દાંડિયા, વગેરે પ્રકાર હતાં. હવે સમય અનુસાર ભારતનાં જુદાજુદા પ્રદેશમાં જુદીજુદી રીતે ગરબા લેવાતા થયાં અને એમાં જુદા જુદા વિચાર, તાલ, લય, તાલી, ચપળતા, પદગતિ, લચક, ઠેસ, સંગીત, નર્તન, વાદ્યો, પગલાં વગેરે જેમ મળતા ગયાં તેમ તેમ ગરબામાં પણ વૈવિધ્ય આવવા લાગ્યું. ગ્રામ્ય નારીઓ અને કુંવારીકાઓ માથા પર એકથી વધુ બેડાં લઈ તેમજ ગરબી, માંડવડી, દીવા, દીવડી, દાંડિયા, મંજીરા વગેરે લઈ વિવિધ અંગભંગની ક્રીડાઓ સાથેનાં વૈવિધ્ય નર્તન કરવા લાગી ત્યારે એ ગરબાઓમાં વધુ નાવીન્ય આવવા લાગ્યું.

ગરબાની જેમ ગરબીનાં પણ હિંદુ શાસ્ત્રોએ ઘણાં જ ગુણગાન ગાયા છે. વર્તુળાકારે થતાં તાલીરાસમાં ગવાતા વૃંદગીતોને ગરબા, અને શક્તિની આરાધના કરતાં કરતાં જે સ્થળ કે મંડપ નીચે ગરબાનાં આરાધકો કે આરાધિકાઓ ભેગા થાય છે તે મંડપ ગરબી તરીકે ઓળખાય છે. ગરબાની જેમ ગરબીનાં પણ બે સ્વરૂપ છે. ગરબી લેવાય પણ છે અને ગરબી આવે પણ છે. ગુજરાતમાં આવી શેરી ગરબીઓ અને શેરી ગરબાઓ ખૂબ પ્રખ્યાત છે. પ્રાચીન લોકકૃતિ, લોકગીત અથવા દયારામ સુધીના કવિઓની કૃતિઓનો સમાવેશ પ્રાચીન ગરબામાં થાય છે જે વિશેષતઃ શક્તિની આરાધના કરતાં અને શ્રી કૃષ્ણની લીલાઓ દર્શાવતાં ભક્તિપ્રધાન હોય છે. આ ઉપરાંત લોકજીવનને સ્પર્શતા વિષયો, સાધારણ લોકસમુદાય સહજતાથી ગાઈ શકે તેવા ગેયતા પ્રધાન લોકઢાળમાં ગવાતાં ગરબા કે ગીતો હોય છે. કૃષ્ણભક્તિનાં અને શક્તિ આરાધનાનાં ગરબાને બાદ કરતાં પ્રાચીન ગરબાઓ માટે ઈ.સ. ૧૭૮૦માં થયેલા વલ્લભ મેવાડાનું નામ લેવાય છે, અને તેજ રીતે ગરબીમાં ઈ.સ. ૧૭૨૧માં થયેલ ભાણદાસજીનું નામ લેવાય છે. આ ઉપરાંત કવિ શામળશા, કવિ પ્રેમાનંદ, કવિ દયારામ વગેરે સર્જકોએ પણ ગુજરાતને વિવિધ ગરબા અને ગરબીઓની ભેંટ આપી છે.

ગરબાનો ઇતિહાસ કહે છે કે મધ્યકાલીન સમય સુધી ગરબામાં ભક્તિ અને શક્તિનાં ઓચ્છવો અને ઉત્સવોનું પ્રતિબિંબ જોવા મળતું હતું પરંતુ સમય જેમ પસાર થતો ગયો તેમ લોકસમાજની માંગ અનુસાર

ગરબાએ સામાજિક સ્વરૂપ લઈ લીધું અને તેમાં લોકસાહિત્યો પણ પોતાનો રંગ ઉમેરતા ગયાં. આજે ગરબામાં ચલચિત્રોના ગીત સંગીતોએ પણ પોતાનો રસ ઉમેર્યો છે. વાર તહેવારે અને આનંદ ઉત્સવમાં ઘર આંગણ સુધી આવી જતો ગરબો એ કોઈપણ રૂપ-સ્વરૂપમાં હોય પણ તનમનમાં થનગનાટ કરાવી જ જાય છે, ત્યારે સર્વ વાતાવરણમાં પ્રસન્નતાના તોરણ બંધાઈ જાય છે.

જયો જયો મા જગદમ્બે

(નવરાત્રિની પ્રત્યેક રાત્રે ગરબા ગાવાનું શરૂ કરતાં અગાઉ ગાવામાં આવતી

માતાજીની આરતી)

જય આદ્યા શક્તિ મા, જય આદ્યા શક્તિ, મા જય આદ્યા શક્તિ

અખંડ બ્રહ્માંડ નિપજાવ્યા, અખંડ બ્રહ્માંડ નિપજાવ્યા, પડવે પ્રકટ્યા મા

ઓમ જયો જયો મા જગદમ્બે

દ્વિતીયા બે સ્વરૂપ, શિવ શક્તિ જાણો, મા શિવ શક્તિ જાણો

બ્રહ્મા ગણપતિ ગાવે, બ્રહ્મા ગણપતિ ગાવે, હર ગાવે હરમાં

ઓમ જયો જયો મા જગદમ્બે

તૃતિયા ત્રણ સ્વરૂપ, ત્રિભુવનમાં સોહે, મા ત્રિભુવનમાં સોહે

જયા થકી તરવેણી, જયા થકી તરવેણી, સુરવેણી માં

ઓમ જયો જયો મા જગદમ્બે

ચોથે ચતુરા મહાલક્ષ્મી મા, સચરાચર વ્યાપ્યા, મા સચરાચર વ્યાપ્યા

ચાર ભૂજા ચૌ દિશે, ચાર ભૂજા ચૌ દિશે, પ્રકટ્યા દક્ષિણમાં

ઓમ જયો જયો મા જગદમ્બે

પંચમે પંચ ઋષિ, પંચમે ગુણ સઘળાં, મા પંચમે ગુણ સઘળા

પંચ તત્વ ત્યાં સોહીએ, પંચ તત્વ ત્યાં સોહીએ, પંડે સત્વોમાં

ઓમ જયો જયો મા જગદમ્બે

ષષ્ઠી તું નારાયણી, મહિસાસુર માર્યો, મા મહિસાસુર માર્યો

નર નારીના રૂપે, નર નારીના રૂપે, વ્યાપ્યાં સર્વેમાં

ઓમ જયો જયો મા જગદમ્બે

સપ્તમી સપ્ત પાતાલ, સંધ્યા સાવિત્રી, મા સંધ્યા સાવિત્રી

ગૌ ગંગા ગાયત્રી, ગૌ ગંગા ગાયત્રી, ગૌરી ગીતા મા

ઓમ જયો જયો મા જગદમ્બે

અષ્ટમી અષ્ટ ભૂજા, ઓચે આનંદ મા, મા ઓચે આનંદ મા

સુરિ નર મુનિવર જનમ્યા, સુરિ નર મુનિવર જનમ્યા, દેવ દૈત્યોમાં

ઓમ જયો જયો મા જગદમ્બે

નવમી નવકુળ નાગ, સેવે નવદુર્ગા, મા સેવે નવદુર્ગા

નવરાત્રીના પૂજન, શિવરાત્રિના અર્ચન, કીધા હર બ્રહ્મા

ઓમ જયો જયો મા જગદમ્બે

દશમી દશ અવતાર, જય વિજયા દશમી, મા જય વિજયા દશમી

રામે રામ રમાડ્યા, રામે રામ રમાડ્યા, રાવણ રોળ્યો મા

ઓમ જયો જયો મા જગદમ્બે

એકાદશી અગિયારસે, કાત્યાયની કામા, મા કાત્યાયની કામા

કામદુર્ગા કાલિકા, કામદુર્ગા કાલિકા, શ્યામા ને રામા

ઓમ જયો જયો મા જગદમ્બે

બારસે બાલા રૂપ, બહુચરી અંબા મા, મા બહુચરી અંબા મા

બટુક ભૈરવ સોહીએ, કાળ ભૈરવ સોહીએ, તારા છે તુજમાં

ઓમ જયો જયો મા જગદમ્બે

તેરસે તુલજા રૂપ, તું તારૂણી માતા, મા તું તારૂણી માતા

બ્રહ્મા વિષ્ણુ સદાશીવ, બ્રહ્મા વિષ્ણુ સદાશીવ, ગુણ તારા ગાતાં

ઓમ જયો જયો મા જગદમ્બે

ચૌદશે ચૌદ રૂપ, ચંડી ચામુંડા, મા ચંડી ચામુંડા

ભાવ ભક્તિ કંઈ આપો, ચતુરાઈ કંઈ આપો, સિંહવાહીની મા

ઓમ જયો જયો મા જગદમ્બે

પૂનમે કુંભ ભર્યો, સાંભળજો કરુણા, મા સાંભળજો કરુણા

વશિષ્ઠ દેવે વખાણ્યા, માર્કંડ દેવે વખાણ્યા, ગાઈએ શુભ કવિતા

ઓમ જયો જયો મા જગદમ્બે

સંવત સોળ સત્તાવન, સોળસે બાવીસમાં, મા સોળસે બાવીશમાં

સંવત સોળે પ્રગટ્યા, સંવત સોળે પ્રગટ્યા, રેવાને તીરે

ઓમ જયો જયો મા જગદમ્બે

ત્રંબાવટી નગરી મા, રૂપાવતી નગરી, મા રૂપાવતી નગરી

સોળ સહસ્ત્ર ત્યાં સોહીએ, સોળ સહસ્ત્ર ત્યાં સોહીએ, ક્ષમા કરો ગૌરી

ઓમ જયો જયો મા જગદમ્બે

ભાવ ન જાણું, ભક્તિ ન જાણું, નવ જાણું સેવા, મા નવ જાણું સેવા

બાળક તારા શરણે, બાળક તારા શરણે, અવિચલ પદ લેવા

ઓમ જયો જયો મા જગદમ્બે

એ બે એક સ્વરૂપ, અંતર નવ ગણશો, મા અંતર નવ ગણશો

ભોળા ભવાનીને ભજતાં, ભોળા ભવાનીને ભજતાં, ભવસાગર તરશો

ઓમ જયો જયો મા જગદમ્બે

શિવશક્તિની આરતી જે કોઈ ગાશે, મા આરતી જે કોઈ ગાશે

ભણે શિવાનંદ સ્વામી, સુખ સંપત્તિ થાશે, હર કૈલાસે જાશે, મા અંબા દુઃખ હરશે

ઓમ જયો જયો મા જગદમ્બે

ગુજરાતના રાસ-ગરબા ગુજરાતના સીમાડા ઓળંગી જગ-પ્રવાસી બની ગયા છે. હવે માત્ર ભારતમાં નહિ પરદેશમાં પણ બધા લોકો રાસ-ગરબાના તાલે ઘૂમતા જોવા મળે તો નવાઈ પામવા જેવું રહ્યું નથી.

એક વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

એક વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

મારી અંબેમાના ઝૂલણાં ઝૂલતી'તી

માએ પહેલે પગથીયે પગ મૂક્યો

માની પાની સમાણાં નીર મોરી મા

એક વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

માએ બીજે પગથીયે પગ મૂક્યો

માના ઘૂંટણ સમાણાં નીર મોરી મા

એક વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

માએ ત્રીજે પગથીયે પગ મૂક્યો

માના ઢીંચણ સમાણાં નીર મોરી મા

એક વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

માએ ચોથે પગથીયે પગ મૂક્યો

માના સાથળ સમાણાં નીર મોરી મા

એક વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

માએ પાંચમે પગથીયે પગ મૂક્યો

માની કેડ સમાણાં નીર મોરી મા

એક વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

માએ છઠ્ઠે પગથીયે પગ મૂક્યો

માની છાતી સમાણાં નીર મોરી મા

એક વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

માએ સાતમે પગથીયે પગ મૂક્યો

માના ગળાં સમાણાં નીર મોરી મા

એક વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

માએ આઠમે પગથીયે પગ મૂક્યો

માના કપાળ સમાણાં નીર મોરી મા

એક વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

માએ નવમે પગથીયે પગ મૂક્યો

માના માથા સમાણાં નીર મોરી મા

એક વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

દીપક કનકસિંહ

સંકલનકર્તા

આ લેખની ભાષાકીય શુદ્ધિ કરી આપવા બદલ હું શ્રીમાન પ્રદીપ વસંતલાલનો ખૂબ ખૂબ આભારી છું.

આ લેખમાં દર્શાવેલ તસવીર પૂરી પાડવા બદલ હું દીયા દીપકનો પણ ખૂબ આભારી છું.